ABA-2833-34 Seat No.______

# B. A. (Sem. II) Examination

## March / April - 2019

## Gujarati : CE - 201

(૧) પદ્યકૃતિનો અભ્યાસ : 'કૃષ્ણલાલ શ્રીધરાણીનાં ઉત્તમ કાવ્યો' (સંપાદક : રમણ સોની) *(Old Course)*

(૨) 'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો' - પ્રહ્લાદ પારેખનાં કાવ્યો' *(New Course)*

Time : 3 Hours] [Total Marks : **70**

(૧) પદ્યકૃતિનો અભ્યાસ : 'કૃષ્ણલાલ શ્રીધરાણીનાં ઉત્તમ કાવ્યો' (સંપાદક : રમણ સોની) *(Old Course)*

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેનામાંથી ગમે તે બે સ્વરૂપનો પરિચયાત્મક ખ્યાલ આપો : ૧૪
ગીત, ગઝલ, સૉનેટ, ખંડકાવ્ય

**અથવા**

૧ કૃષ્ણલાલ શ્રીધરાણીના જીવનનો પરિચય કરાવી તેમની સમગ્ર સાહિત્ય સેવાને મૂલવો. ૧૪

૨ કૃષ્ણલાલ શ્રીધરાણીનાં સૉનેટ કાવ્યોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. ૧૪

**અથવા**

૨ નીચેનામાંથી કોઈપણ એક કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

(૧) આઠમું દિલ્લી

(૨) પતંગિયું અને ચંબેલી

(૩) હાથરસનો હાથી

૩ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) ૧૪

(૧) શ્રીધરાણીનાં કાવ્યોમાં પ્રકૃતિનિરૂપણ

(૨) શ્રીધરાણીનાં બાળકાવ્યો

(૩) 'સપૂત' કાવ્યમાં પ્રસંગનિરૂપણ

(૪) 'કાઠિયાવાડ' કાવ્યનો પરિવેશ.

૪ નીચેનામાંથી કોઈ પણ **બે** ટૂંકનોંધ લખો : ૧૪

(૧) શ્રીધરાણીનાં કાવ્યોમાં વિષયવૈવિધ્ય

(૨) શ્રીધરાણીનાં કાવ્યોમાં પ્રણયનિરૂપણ

(૩) 'સર્જક શ્રેષ્ઠ આંગળા'માં થયેલું પશ્ચાતાપનું નિરૂપણ

(૪) 'ક્રાન્તિનાદ' કાવ્યમાં સંવેદન.

૫ નીચેનામાંથી ગમે તે સાત પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : ૧૪

(૧) સૉનેટના પ્રકારો જણાવો.

(૨) ગીત ક્ષેત્રે પ્રદાન કરનાર કોઈપણ બે ગીતકવિઓનાં નામ જણાવો.

(૩) શ્રીધરાણીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

(૪) શ્રીધરાણીએ કયા કયા સ્થળોએ શિક્ષણ મેળવ્યું હતું ?

(૫) શ્રીધરાણીનાં નાટકોનાં નામ જણાવો.

(૬) શુક્રના પલકારાને ઓળખવા માટે કવિ કયા ક્રિયાપદો યોજે છે ?

(૭) 'મીણબત્તી' કાવ્યમાં કવિ કેવી કલ્પના કરે છે ?

(૮) 'કવિ' કાવ્યમાં સિકંદર કવિના ઘરે આગ લગાડવાની કેમ ના પાડે છે ?

(૯) 'ભરતી' કાવ્યનું સ્વરૂપ કયું છે ?

(૧૦) 'સ્વરાજરક્ષક' કાવ્યમાં સ્વામી રામદાસના મતે કોણ સ્વરાજરક્ષક છે ?

(૧૧) 'આજ મારો અપરાધ છે રાજા' કાવ્યમાં વિયોગિની નાયિકા કોની રાહ જુએ છે ?

(૧૨) 'કૂકડાનું ગીત' કાવ્યમાં શેની વાત કરવામાં આવી છે ?

## (૨) 'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો' - પ્રહલાદ પારેખનાં કાવ્યો' *(New Course)*

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ ગીતનું સાહિત્યસ્વરૂપ જણાવો. ૧૪

**અથવા**

૧ પ્રહલાદ પારેખની સાહિત્યસેવાનો વિગતે પરિચય કરાવો. ૧૪

૨ 'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો' ને આધારે કવિ તરીકે પ્રહલાદ પારેખની વિશેષતાઓ ચર્ચો. ૧૪

**અથવા**

૨ 'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો' નાં પ્રકૃતિકાવ્યોની ચર્ચા કરો. ૧૪

૩ નીચેનામાંથી કોઈ પણ એક કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

(૧) આજ

(૨) વાંસળી

(૩) ધરતીનાં તપ

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) ૧૪

(૧) 'છેલ્લી પૂજા' નો અંત

(૨) 'બનાવટી ફૂલોને' નો ધ્વનિ

(૩) 'આપણે ભરોસે' નું વિષયવસ્તુ

(૪) પ્રહલાદ પારેખની કાવ્યશૈલી.

૫ ટૂંકમાં ઉત્તર આપો : (ગમે તે **સાત**) ૧૪

(૧) સૉનેટમાં કેટલી પંક્તિઓ હોય છે ?

(૨) સૉનેટના પ્રકારો જણાવો.

(૩) પ્રહલાદ પારેખ પાસેથી કયા કયા કાવ્યસંગ્રહો મળે છે ?

(૪) પ્રહલાદ પારેખ પર પ્રભાવ પાડનાર બે પરિબળો જણાવો.

(૫) ખંડકાવ્યનાં કોઈ પણ ચાર લક્ષણો જણાવો.

(૬) ગઝલનાં ચાર લક્ષણોનાં નામ આપો.

(૭) 'વાંસળી' કાવ્યનો ધ્વનિ જણાવો.

(૮) 'બનાવટી ફૂલો' માં કવિ કોના પર કટાક્ષ કરે છે ?

(૯) પ્રહલાદ પારેખનો જન્મ ક્યારે થયો હતો ?

(૧૦) પ્રહલાદ પારેખે કઈ કઈ કૃતિઓનો અનુવાદ કર્યો ?

(૧૧) 'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો' માં કવિને અંધકાર કેવો લાગે છે ?

(૧૨) ગીતનાં લક્ષણોની યાદી આપો.

---